ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મોંઘારતની મંથરાને કારણે વનવાટ લેશે,*
*સીતારામન હવે સુરક્ષાનું સંરક્ષણ લેશે,*
*ચઢશે પટરી પર હવે રાજનાથની ગાડી-*
*ને ગોયેલની ગાડી અપયશનો વળાંક લેશે!*
*(નિષ્ફળતાના ટોપલાની હેરાફેરી)*

### હાઈકુ

*લડે લડાઈ*
*જ્ઞાતિ-ધર્મની ઢાલે*
*વીર નેતાઓ*
*(શીખંડી સહારે)*

*લાવે દબાણ*
*'સમાજ'ની બંદૂકે*
*દાદાગીરીથી*
*(લોકશાહી લાચાર)*

### ચિંતન

*સં જાનીધ્વં સં પ્રચ્વધ્વં સં વો મનાંસિ જાનતમ્ । દેવા ભાગં યથા પૂર્વે સંજાનાન ઉપાસતે ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

પ્રત્યેક મનુષ્યનું એક કર્તવ્ય છે કે તે જ્ઞાન પ્રાપ્ત કરી પરસ્પર હળી મળીને રહે. બધા ઉત્તમ સંસ્કારોવાળા થાઓ. જેવી રીતે આપણા પૂર્વજો પોતાનાં કર્તવ્યોનું પાલન કરતા હતા તે જ પ્રમાણે આપણે પણ હંમેશા આપણા કર્તવ્યો પૂરાં કરતા રહીએ.

આધ્યાત્મવાદીને આત્મા અને શરીરના તફાવતનું જ્ઞાન હોય છે તે આત્માને સ્વામી અને શરીરને સાધન માને છે. આ તફાવત જેની દૃષ્ટિમાં સ્પષ્ટ થઈ જાય તે કાયાનાં સુખ સગવડો, ઈન્દ્રિયોની લાલચ અને ખોટી વારંવાર તથા શાનને મહત્વ આપવાને બદલે એ વાતને મહત્વ આપે છે કે આત્મકલ્યાણ અને આત્મવિકાસ જેવાં મહાન પ્રયોજનો માટે આ અમૂલ્ય માનવજીવનો શ્રેષ્ઠતમ ઉપયોગ કેવી રીતે કરી શકાય. આ લક્ષ્યને પુરું કરવા માટે જો શારીરિક સગવડો અને ભૌતિક સંપત્તિમાં થોડોક ઘટાડો કરવો પડે તો એનાથી એને રંજ થતો નથી, કારણ કે તે જાણે છે કે શરીર તો માત્ર સાધન છે. તેની સગવડતાઓ ઘટે છે ત્યારે આત્મા ઉત્કર્ષ તરફ વળે છે. એમાં નુકસાન ઓછું અને લાભ વધારે છે. એકબીજા માટે દયા, સહાનુભૂતિ, પરોપકાર અને એકાત્મતાની ભાવના દૃઢ થવાથી પારસ્પરિક સદભાવ, સ્નેહ અને સમાનતાની વૃદ્ધિ થાય છે અને સમાજમાં સ્વર્ગીય વાતાવરણ બને છે.

### સુવિચાર

- બહુત ગિનાતે રહે તુમ ઔરોં કે 'ગુણ-દોષ' અપનેઅંદર ઝાંક લો... ઉડ જાયેંગે હોશ - **પ્રતિક સહાની**
- ઉપરવાળો આ બધા ખેલ કરાવે છે. આપણે આપણા ભાગે આવેલો રોલ ભજવવાનો છે. - **જીવન પાથેય**
- એક પથ્થર મૂર્તિ થઈને કયાંક પૂજાતો હશે... ટાંકણું લઈ હાથમાં, ઘડવૈયો હરખાતો હશે... - **હર્ષદ પંડયા**
- વ્યકિતને સમજવા હૃદયથી કામ લેવાય, પણ સમસ્યા કે પરિસ્થિતિને સમજવા દિમાગથી કામ લેવાનું હોય. - **ભૂપત વડોદરિયા**
- આપણે જો આપણા ઉપર કાબૂ ન રાખી શકીએ તો કોઈ આપણા ઉપર કબજો જમાવી લે છે. - **કૃષ્ણકાંત ઉનડકટ**
- કોઈ ટેકનોલોજી જિંદગીને સુંદર બનાવવાની ગેરંટી ન આપી શકે. જિંદગીને તો માણસે પોતાની રીતે જ જીવવા જેવી બનાવવી પડે. - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : અઢી ગ્રામ સિંધવ ગાયના ઘી સાથે મિકસ કરી સાત દિવસ ખાવાથી વધરાવળમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાત-દિવસ ચિંતા, તણાવ, વિષાદ અને અશાંતિમાં જીવતો રાજા એની આવી અવદશાથી અકળાઈને એક ફકીર પાસે સમસ્યાનું સમાધાન શોધવા પહોંચ્યો. ફકીરને રાજાએ વાત કરી, 'જો આવી એની હાલત રહેશે તો કાં તો એ પાગલ થઈ જશે અથવા આત્મહત્યા કરી બેસશે.' ફકીરે કહ્યું, 'મહારાજ આપના દુઃખની જડની મને ખબર છે કોઈ શાંત અને પ્રસન્નચિત્ત ધરાવતી ધનિક વ્યકિત નો હસ્તસ્પર્શ થાય, તો તમારો રોગ દૂર થઈ જશે.'

રાજાએ આ પ્રકારની વ્યકિત શોધી લાવવા હુકમ કર્યો. સૈનિકો, સેનાપતિ અને સ્વંય પ્રધાન આવી વ્યકિતની શોધ કરવા સમગ્ર રાજય શોધી વળ્યા. પણ એકેય માણસ મળ્યો નહીં કે જે શાંત, પ્રસન્ન અને સમૃદ્ધ હોય, રાજાએ ફકીરને કહ્યું, 'આપે કહ્યું તે શકય બનતું નથી.'

ફકીરે કહ્યું, 'મહારાજ મને તો આની પહેલેથી ખબર હતી કે આ પ્રકારનો માણસ મળવો મુશ્કેલ છે, જે શાંત અને પ્રસન્ન હોય અને અતિસમૃદ્ધ હોય, કારણ એટલું જ કે શાંતિનો રસ્તો આંતરિક પ્રસન્નતા તરફ દોરી જાય છે જયારે સમૃદ્ધિનો માર્ગ બાહ્ય વૈભવ તરફ ઘસડી જાય છે. કાં તો વ્યકિત ભીતરની પ્રસન્નતા પામે છે અથવા તો સંપત્તિના ઢગલા પર બિરાજે છે. અંતરનો રસ્તો તો ઈશ્વરનો રસ્તો છે અને એ રસ્તે ચાલવા માટે ધનનો મોહ ત્યાગવો જરૂરી છે. જો સમૃદ્ધિના બાહ્ય માર્ગે ચાલવુ હોય તો ભીતરની શાંતિ પામવાની ઈચ્છા છોડી દેવી જોઈએ.'

ફકીરની વાતમાંથી રાજાને જીવનનો રાહ મળી ગયો.

# સાપના લિસોટા આમ જનતા માટે ખતરનાક

**તંત્રીસ્થાનેથી...**

કહેવાય છે કે ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. વસતિની દૃષ્ટિએ એ વિધાન સાચું પણ લાગે. પરંતુ ભારતની લોકશાહી હજી જૂની રાજાશાહીથી મુક્ત થઈ છે ખરી ? આ પ્રશ્ન કોઈ પણ સમજણ ધરાવતા નાગરિકને કોઈ ને કોઈ તબક્કે પજવતો હશે. બ્રિટિશ રાજની નાગચૂડમાંથી છૂટીને આપણે બ્રિટિશ બ્રાન્ડ પાર્લામેન્ટરી સિસ્ટમ અપનાવી. ચાલો, ત્યાં સુધી પણ બરાબર હતું. પરંતુ રાજા રજવાડાંને ભારતીય સંઘમાં ભેળવી દઈ એમને સામાન્ય નાગરિક બનાવ્યા પછીય આપણે બ્રિટનની શાહી રસમ તો અપનાવી જ ! ત્યાંના કિંગ કે ક્વીનની જગ્યા આપણા રાષ્ટ્રપતિએ લીધી. દેશના સર્વોચ્ચ બંધારણીય વડા અને પ્રથમ નાગરિક તરીકે એક મૂર્તિની સ્થાપના કરીને જ આપણા બંધારણવિદો જંપ્યા. એમને બીજું કશું જ કરવાનું નહીં - પ્રધાનમંત્રી અને એમના મંત્રીમંડળને શપથ લેવડાવવાના. જરૂર પડ્યે ટપારવાની સત્તા પણ ખરી. પણ ખરું કામ તો સંસદીય સત્રોના ઉદ્ઘાટનથી લઈ પ્રજાસત્તાક દિવસની રાજપથ પર યોજાતી પરેડની સલામતી ઝીલવાનું. એ પછા આપણી ત્રણે સેના પાંખોના સર્વોચ્ચ કમાન્ડર પણ ખરા. વહીવટ કરે વડોપ્રધાન પણ રાષ્ટ્રપતિના નામે. આ એક પ્રકારનો દંભ નથી તો બીજું શું છે ? રાષ્ટ્રપતિને વડાપ્રધાન સામે વાંકુ પડે તો પણ દબાઈ ચંપાઈને બેસી રહેવું પડે. મોટા ભાગે તો વડાપ્રધાનની નજર હેઠળ લખાયેલી "મારી સરકાર"ની પ્રશસ્તિનાં ભાષણો અડધાં પડધાં વાંચી બાકીનું વંચાઈ ગયેલું ગણવું એમ કહી રસાલા સાથે 'જન ગણ મન' ગણ ગણતાં વહ્યા જવાનું. એક પ્રકારના ડાગલા જેવું, નાટકના સૂત્રધાર જેવું જ પાત્ર ! વડાપ્રધાન જે કહે તેના પર સહી કરી દેવાની. રાષ્ટ્રપતિ જેવું જ દયાજનક પાત્ર રાજયસ્તરે રાજ્યપાલનું હોય છે. દરેક રાજ્યે એના પરસેવાની કમાણીથી એક ધોળો હાથી પોષવાનો. એ પાછો કેન્દ્રનો કહ્યાગરો ટપાલી જ બની રહે ત્યાં સુધી સલામત. જો આડો અવળો થયો તો અધવચ્ચે ડિસમિસ. કમલા બેનીવાલની દુર્દશા વિશે આખી નવલકથા લખી શકાય. ધનખડ વિશે પણ. તો પછી આ ખર્ચાળ અને બિન ઉત્પાદક મહાનુભાવોને ગરીબડી પ્રજાના પૈસે પોષવાનો કોઈ મીનિંગ ખરો ? રાજેન્દ્રબાબુ જીવ્યા ત્યાં સુધી રાષ્ટ્રપતિ પદે રહ્યા. પંડિત નહેરુને એ નહોતા ગમતા. નહેરુ તો સર્વપલ્લી રાધાકૃષ્ણનને રાષ્ટ્રપતિ બનાવવા માગતા હતા, પ્રોફેસર અને તે પણ ફિલસૂફીના. એ રાજકારણમાં ડખો તો ના કરે ! રાજેન્દ્રપ્રસાદે તો નહેરુનો ખોફ વહોરીને સોમનાથના જીર્ણોદ્ધાર પર્વમાં ભાગ લીધો હતો. પરંતુ એ તો અપવાદરૂપ કેસ. શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ ગણાતા અબ્દુલ કલામ ચિઠ્ઠીના ચાકર થઈને રહ્યા હતા. ફખરુદીન અલી અહમદને અનિચ્છાએ કટોકટીના પ્રસ્તાવ પર મહોર મારવી પડી હતી. જ્ઞાની ઝૈલસિંહને અમૃતસરના હરમિંદર સાહિબની ઘટનાનું અપાર દુઃખ હતું. ઈંદિરા ગાંધીના અવસાન પછી થયેલી શીખોની કતલેઆમ એમને રૂવંરૂવે દઝાડતી રહી હતી. શું કરે ? ચિઠ્ઠીના ચાકર હતા. ઈંદિરાજી કહે તો કચરાપોતું કરવા તૈયાર હતા. કચરાપોતાં કરનારા રાષ્ટ્રપતિઓ અને રાજ્યપાલો પાછળ પ્રજાના પરસેવાનાં નાણાં લખલૂટ વપરાય છે. આપણા વર્તમાન મહામહિમ એમના બાળપણના ભેરુબંધો સાથે 'તને સાંભરે રે, મને કેમ વીસરે રે' જેવી ગોઠડી માંડવા સ્પેશિયલ ટ્રેન જોડીને બિહાર ગયા. ફાટક બંધ થતાં એક તેજસ્વી મહિલા ઉદ્યોગ સાહસિકને સમયસર હોસ્પિટલમાં ન પહોંચાડી શકાયાં. એક મૂલ્યવાન જિંદગીનો દીવો અધવચ્ચે જ રામ થઈ ગયો. રાષ્ટ્રપતિની સુરક્ષા વ્યવસ્થામાં દોડાદોડી કરતી અર્ધ લશ્કરી દળની વાને એક બાઈકને ટક્કર મારી. કોઈનો લાલ કચડાઈ મૂઓ. લોકશાહી આવી હોય ? સાપ ગયાને લિસોટા રહી ગયા પણ એ લિસોટા કેવા લોહિયાળ છે !

# ધર્મ પરિવર્તનના મુદ્દે છૂટા છેડા મંજુર કરી શકાય : ગુજરાત હાઈકોર્ટ



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ધર્મ પરિવર્તન કરીને મુસ્લીમ બનેલી મહિલા ફરીથી મૂળ ધર્મ અંગીકાર કરી લે તો લગ્ન વિચ્છેદ માન્ય રાખી શકાય તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટની બેંચે ઠરાવ્યું છે.

ધર્મ પરિવર્તન કરીને મુસ્લીમ બનેલી મહિલા મુસ્લીમ મેરેજ એકટ હેઠળ મુસ્લીમ વ્યકિત સાથે લગ્ન કરે અને ત્યારબાદ જો તે ફરીથી પોતાનો મૂળ ધર્મ અંગીકાર કરે તો મુસ્લીમ મેરેજ એકટની ૧૯૩૯ ની કલમ ૪ મુજબ આ લગ્નને રદબાતલ ઠરાવવા અરજી કરી શકે છે.

સદર કેસમાં માત્ર ધર્મ પરિવર્તન કરી મૂળ ધર્મ અંગીકાર કરી લેવાના આધારે છૂટાછેટા આપવાનો ફેમીલી કોર્ટે ઈન્કાર કરેલ જેને અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટે ફેમીલી કોર્ટના સદર ચુકાદાને રદ ઠરાવી નવેસરથી તથ્યો સ્વીકારવા ફેમીલી કોર્ટને નામદાર ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો છે.

સદર કેસમાં શીલુ નામની જન્મે ખ્રીસ્તી યુવતિએ ઈસ્લામ ધર્મ અંગીકાર કરી ૨૦-૨-૨૦૧૩ ના રોજ જાવેદ નામના મુસ્લીમ યુવક સાથે નિકાહ કર્યા અને મુસ્લીમ મેરેજ એકટ મુજબ લગ્ન નોંધાવ્યા પરંતુ પતિ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપવામાં આવતા શીલુએ માર્ચ ૨૦૧૩ માં ખ્રીસ્તી ધર્મ અંગીકાર કરી લીધો અને આ લગ્નગાળા દરમ્યાન એક બાળકનો જન્મ થતા તેની સંભાળ મહિલાનો પતિ રાખતો હતો આ યુવતીએ પોતાનો મૂળ ધર્મ અંગીકાર કર્યો છે અને મુસ્લીમ મેરેજ એકટની કલમ ૪ મુજબ આવા લગ્ન રદબાતલ ઠરાવવા માટે કોર્ટમાં અરજી કરી શકાય છે તે મુજબ મહિલાએ વડોદરાની ફેમીલી કોર્ટમાં છુટાછેડા મેળવવા માટે અરજી દાખલ કરી પરંતુ ફેમીલી કોર્ટે નોંધ્યું કે શારિરીક, માનસીક ત્રાસનો ઉલ્લેખ અરજદારે કરેલ છે પરંતુ તેના આધારે છૂટા છેડા માંગવામાં આવ્યા નથી તેથી ધર્મ પરિવર્તનના આધારે છુટા છેડા આપવાનો ફેમીલી કોર્ટે ઈન્કાર કરી દીધો હતો. અરજદારે ફેમીલી કોર્ટના આ ચુકાદાને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારતા જસ્ટીશ કુરેશી અને જસ્ટીશ વી. એમ. પંચોલીની ખંડપીઠે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, ફેમીલી કોર્ટે આ કેસને કાયદાકિય માંપદંડથી મૂલવવામાં ગંભીર ભૂલ કરી છે. આ યુવતી લગ્ન પહેલા ખ્રીસ્તી હતી અને લગ્ન બાદ મુસ્લીમ ધર્મ અંગીકાર કરેલ ત્યારબાદ ફરીથી ખ્રીસ્તી ધર્મ અંગીકાર કરેલ તે પુરાવાને ફેમીલી કોર્ટમાં રજુ કરવા અને ફેમીલી કોર્ટે આ પુરાવાને તથા તથ્યોને તપાસી ત્યારબાદ નવેસરથી ચુકાદો આપવો.

હાઈકોર્ટે વધુમાં નોંધ્યું છે કે શારિરીક અને માનસીક ત્રાસનો આધાર છુટા છેડા લેવા માટે લેવામાં આવ્યો નથી તેના આધારે છુટા છેડા આપવાની ના પાડી શકાય નહી ફેમીલી કોર્ટે પુરાવાની ચકાસણી કરે અને પછી કાયદાકીય અસર શું થઈ શકે છે તે તપાસવું જોઈએ અને પુરાવા તથા તથ્યોનો પુનઃ વિચાર કરી ત્યારબાદ ફેમીલી કોર્ટે ચુકાદો નવેસરથી આપવા માટે હુકમ કરેલ છે.

ધર્મ પરિવર્તન કરીને મુસ્લીમ બનેલી મહિલા ફરીથી મૂળ ધર્મ અંગીકાર કરી લે તો તે લગ્ન વિચ્છેદ માન્ય ગણી રાખી શકાય છે માત્ર ધર્મ પરિવર્તનના મુદ્દે છુટા છેડા આપવાનો ફેમીલી કોર્ટનો ઈન્કારનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટે રદ કર્યો.

તાજેતરમાં ગુજરાત સરકારે લવજેહાદનો કાયદો પસાર કરેલ છે અને આ કાયદા મુજબ પરાણે થતા ધર્મ પરિવર્તનને રોક લગાવી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# "મારો બાળસ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે"



## WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

બાળપણથી જ દરેક વ્યકિતનો સૌથી અંગત મિત્ર તેનો ભાઈ કે બહેન હોય છે ! માતા-પિતા કરતાં પણ વિશેષ બંધન છે આ ભાઈ—બહેનનું તેમાં લાગણી પણ હોય, મીઠી તકરાર પણ હોય તો સાથોસાથ દરેક નાની—મોટી સમસ્યાનું સમાધાન પણ હોય છે ! બાળપણની આ ભલી-ભોળી જિંદગીમાં ભાઈ—બહેનના મીઠા તોફાનને કવિશ્રી બાલમુકુન્દ દવે કંઈક આ રીતે વર્ણવે છે કે,

પાછલા તે પહોરની ઊડી ગઈ નિંદરા, સરવે ઊંઘે ને અમે જાગતાં જી રે ;
ઓશીકાં ઉપર બે ઓઢાડી ધાબળા ; ચૂપચાપ ભાઈબહેન ભાગતાં જી રે.
બિલ્લીપગે તે અમે ઉઘાડ્યા આગળા, બાપુને બા તે શું જાણતાં જી રે !
હાથમાં તે હાથ લઈ ભાગ્યાં ઉતાવળાં, ખુલ્લી હવાની મોજ માણતાં જી રે.
સોનેરી કોરની લાવીને વાદળી, ચંદરવા ચાર કોર બાંધશું જી રે;
એની તે હેઠ અમે રહેશું બે ભાઈબહેન ભાવતી રસોઈ રોજ રાંધશું જી રે.

કેવા સુંદર સંસારની કલ્પના ભાઈ-બહેન સાથે મળીને કરે છે ! તેમનું નાનકડું વિસ્મય વિશ્વ ! હેતપૂર્વક હળીમળીને આજીવન સાથે રહીને ભાવતાં ભોજન કરવાં એ જ જાણે ભાઈ-બહેનના જીવનનું લક્ષ્ય રહયું હશે ! નાનપણમાં ભાઈ બહેનને હેરાન કરે, તેને ગુસ્સો કરે પણ આ જ ભાઈ મોટો થયા પછી બહેનના જીવનમાં નાની એવી પણ તકલીફ પડે તે સહન કરી શકતો નથી ! જરૂર પડયે તે આખી દુનિયાની સામે લડી પડે પણ પોતાની બહેનનાં આંસુ તે સહી શકતો નથી. કવિ સુંદરમ્ પોતાની આ રચનામાં ભાઈ—બહેન પ્રેમની અને લાડ—દુલારની વાત સુંદર રીતે વ્યકત કરે છે,

હું રે બનું, બેન ! વાડીનો મોરલો, -
આંબાની કોયલ તું થા રે, બેન !
તું મારી બેનને હું તારો ભાઈ.
હું રે બનું, રૂડો ડોલરિયો,
મીઠી ચમેલ ડી તું થા રે, બેન !
તું મારી બેન ને હું તારો ભાઈ.

સનતકુમાર ભટ્ટ ભાઈ—બહેનના આ અતૂટ સંબંધ અને તેમાંય બહેનમાં રહેલી વિશેષ કાળજી તેમજ લાગણીનું ઉદાહરણ આપતું એક દ્રષ્ટાંત ટાંકે છે, "ડુંગરનું ચઢાણ આકરું હતું. યાત્રાળુ સૌનાં મોં પર થાકનાં ચિહ્ન દેખાતાં હતા. સૌ બોજારહિત થઈ ચાલતાં હતાં, છતાં હાંફતાં હતાં. બધાંની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડ્યો હતો. કોઈને દયા આવી. પૂછયું, "અલી છોડી, આ છોકરાને ઊંચકીને ચડે છે, તે તને ભાર નથી લાગતો ? છોકરીએ જવાબ આપ્યો," ભાર? - ના, રે,એ તો મારો ભાઈ છે?"

ભાઈ-બહેનનો સંબંધ એ એકમાત્ર એવો સંબંધ છે કે જેમાં એકબીજાની નબળાઈઓને સુધરવા દેવાની અને ન સુધરે ત્યાં સુધી ટકોર કર્યા કરવાની છૂટ હોય છે, અને તે પણ માઠું લગાડયા વિના! આજના આ આધુનિકયુગમાં આપણે ઘણા લોકોને એવી ફરિયાદ કરતા સાંભળ્યા છે કે માણસમાં સંવેદનાઓ રહી નથી. ભાઈ-બહેનના સંબંધમાં જોકે એવું ભાગ્યે જ જોવા મળે પરંતુ, ખરો પ્રશ્ન આપણી વ્યસ્ત જીવનશૈલી છે. દરેક વ્યકિત પોતપોતાના કાર્યોમાં ગળાડૂબ હોય ત્યારે સ્વાભાવિકપણે એકબીજાને મળવાનું ઓછું થતું જોવા મળે છે. ભાઈ અને બહેન નાનપણમાં જે નિર્દોષભાવે સાથે મળીને એકબીજાથી સાથે મજાક-મસ્તી કરતા હોય તે સમય જતાં દુનિયાદારી અને વ્યવહારિકતાના ભાર હેઠળ કયાંક દબાઈ જતી દેખાય છે! પરંતુ, એ જ ભાઈ કે બહેન બન્નેમાંથી એકપણને જરૂર પડે ત્યારે બધા જ કામ, બધી જ priorities નેવે મૂકીને તેઓ તરત જ હાજર થઈ જ જાય છે! ડેનિયલ મઝગાંવકરે ટાંકેલું આ હૃદયસ્પર્શી દ્રષ્ટાંત - ખરેખર વાંચવાલાયક છે. - "અમેરિકાના સીએટલ શહેરનાં એક વિશેષ પ્રકારની ઓલમ્પિક સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં એક દિવસ એક જ પરિવારના નવ સ્પર્ધકો દોડની સ્પર્ધા માટે તૈયાર થયા. તે નવે ભાઈ-બહેન શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલાં હતાં. તેમ છતાં તે નવ ભાઈ- બહેન ૧૦૦ મીટરની દોડ માટે એક કતારમાં ઊભા રહી ગયાં હતાં. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાંએ દોડવાનું શરૂ કર્યું. દોડવાનું તો શું - લથડાતા પગે બીજા છેડે પહોંચવા માટે બધાં નીકળી પડયાં. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે તમામ દર્શકપણ આતુરતાથી જોઈ રહયા હતા !

બધાં ધીરે ધીરે આગળ વધતાં હતાં. પણ તેમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો. નાનો હતો, રડવા લાગ્યો.

બીજાં આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂકયાં હતાં, એમણે આનો રોવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં ભાઈ-બહેન પાછો ફરી ગયાં અને આ પડી ગયેલા તેમના નાના ભાઈ તરફ ચાલવા માંડયાં. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌદ્ધિક મંદતની શિકાર હતી. પોતાના નાના ભાઈ પાસે આવીને તેણે નીચે નમીને તેનો હાથ પકડયો, તેને બેઠો કરી દીધો, અને પ્રેમથી તેને ચૂમી લેતાં એ બોલી, "ચાલ, હવે તને કશો વાંધો નહી આવે."

ત્યારબાદ ફરી એ તમામ ભાઈ-બહેન સાથે મળીને એકબીજાના હાથ પકડીને દોડતા અંતિમ છેડા સુધી ચાલવા લાગ્યાં અને સૌએ સાથે મળીને દોરડું પાર કર્યું."

હવે ઉપરોકત ઉદાહરણ પરથી એ જ વાત વિચારવી રહી કે નાનકડી જીવનરૂપી સ્પર્ધામાં આપણા માટે શું આપણી જીત જ સૌથી વધુ અગત્યની છે? કે તેનાથી વધુ જરૂરી બાબત છે ભાઈ-બહેન સાથે મળીને, એકબીજાને સહાયક બનીને અન્યને પણ જીતાડવાનો પ્રયત્ન કરવાનો છે. આ રીતે સહાયરૂપ બનવામાં આપણી ગતિ કદાચ ધીમી કરવી પડે કે આપણે આપણી રાહ થોડી બદલવી પડે તો પણ સાથે મળીને જીતવાનો આનંદ જતો કરવાનો નથી !

આજના આ જેટયુગમાં વિભકત કુટુંબોની ઘટમાળ વચ્ચે માતા-પિતા બંને પોતાની જિંદગીમાં કારકિર્દી અંગે ચિંતિત હોવાને કારણે માત્ર એક જ બાળક પર્યાપ્ત હોવાનું માને છે. તો આવા સંજોગોમાં એક મિત્ર ભાઈ-કે બહેનના આ ખાલીપાને ભરી શકે છે. કૃષ્ણ-સુદામા એ કોઈ સગા ભાઈ નહોતા છતાં પણ એક ની તકલીફ કે પીડાથી અન્ય સારી રીતે વાકેફ હતા અને એ કારણે જ ઈતિહાસમાં એમની મૈત્રી અમર બની. ફેસબુક કે વોટ્સ અપના અનેક મિત્રો હોવા છતાં કોઈ એક પણ જો કૃષ્ણ-સુદામા સરીખો મિત્ર મળે તો એને ઓળખીને હંમેશ માટે પોતાનો કરીબી મિત્ર માનવો જરૂરી છે ! અને એવા મિત્રને મળવાનો આનંદ જો ખુદ ઈશ્વર પણ ટાળી શકયા ન હોય તો આપણી તેમાં શું વિસાત ? - પ્રેમાનંદે કૃષ્ણ-સુદામાના મેળાપને સુંદર શબ્દોમાં વર્ણવ્યુ છે -

"મારો બાળસ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે,"
ઊઠી ધાયા જાદવરાય રે, નવ પહેર્યા મોજાં પાય રે,
છબીલાજીએ છૂટી ચાલે રે, દીધી દોટ તે દીનદયાળ રે;
સુદામે દીઠા કૃષ્ણદેવ રે, છૂટયાં આંસુ શ્રાવણનેવ રે,
જુએ કૌતુક ચાર વર્ણ રે, કયાં આ વિપ્ર? કયાં આ અશરણ-શર્ણ રે;
જુએ દેવ વિમાને ચડિયા રે, પ્રભુ ઋષિજીને પાયે પડિયા રે,
શું બોલો વિસ્મય થઈ? હરિભકતને ઓળખો નહિં,
બેસાડયા મિત્રને શપ્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી....

કેટલાંક સંબંધો કે જે કોઈપણ કાળે મીઠા અને આધાર રાખી શકાય તેવા ગણાય, તેમાં ભાઈ-બહેનનો સબંધ અગ્રસ્થાને આવે છે. એ જ રીતે મિત્રો વચ્ચેના સબંધ પણ હંમેશા લીલાછમ્મ રહે છે. સુખના કે સારા દિવસોમાં કદાચ મિત્રો વચ્ચે મુલાકાતો ઓછી થતી હોય તેમ બને પરંતુ, જયારે મુશ્કેલીનો સમય આવે ત્યારે એક મિત્ર બીજા મિત્ર માટે ઢાલ બનીને ઊભો રહે છે. જીવનમાં તમામ પ્રકારના ભૌતિક સુખો જરૂર મેળવીએ, દરેક ક્ષેત્રમાં પ્રગતિ પણ ચોકકસ કરીએ, મનની ઉમ્મીદોને પામવા માટે ભલે આભ આંબવાના પ્રયાસો પણ કરીએ પરંતુ, આ દરેક સ્થિતિમાં કેટલાક સંબંધોના નાજુક છોડની કાળજીપૂર્વક અને સ્નેહથી માવજત કરીએ તો એ આપણા વ્યકિતગત તેમજ સામૂહિક હિતમાં છે. જેને સંસારમાં સુખ દુઃખ વહેંચી શકે અને મનની વ્યથા જણાવી શકે તેવો એકપણ મિત્ર ન હોય તો તેને મળેલી ગમે તેટલી સુખ અને સાહયબી જીવનને ખરા અર્થમાં હર્યુંભર્યું બનાવી શકે નહિ!

- nehalgadhavi101@gmail.com

# માતૃભાષા ગુજરાતી વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ની સ્થાપના થવી જોઈએ



## નવી સવાર

રમેશ તન્ના

ગુજરાતી સંસ્કૃતિ આથમી રહી છે, ગુજરાતીતા કે ગુજરાતીપણામાં મૂલ્યાં ઘસાઈ રહ્યાં છે ત્યારે ગુજરાતી ભાષાને જીવતી રાખવા શક્ય તેના તમામ પ્રયાસો કરવા જ પડશે કારણ કે ભાષા અને સંસ્કૃતિ એક જ સિક્કાની બે બાજુઓ છે. રૂપિયાની લાયમાં ગુજરાતીઓ માતૃભાષાનો ખણખણતો સિક્કો જ વિસરી ગયા છે.

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા સફળ, સાહસિક અને સહિષ્ણુ ગુજરાતીઓની માતૃભાષાની પોતાની એક સ્વતંત્ર યુનિવર્સિટી હોય તે કેવી સરસ અને રોમાંચક વાત છે !

માતૃભાષા ગુજરાતી અંગેની એક સ્વતંત્ર યુનિવર્સિટીની રચના થાય તેનાથી રૂડું બીજું શું હોય ?

આમ તો ગુજરાતમાં ૬૫થી વધુ યુનિવર્સિટી છે, પરંતુ આ પ્રદેશ હજી પોતાની માતૃભાષાની અલાયદી યુનિવર્સિટીની પ્રતિક્ષા કરી રહ્યો છે.

ગુજરાતીઓ માત્ર ગુજરાતમાં વસે છે તેવુ નથી. ગુજરાતીઓ ગુજરાત બહાર ભારતમાં અને ભારત બહાર વિશ્વમાં વસવાટ કરે છે. જો માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટીની રચના થાય તો સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓ સાથે મળીને પોતાની મીઠડી અને વહાલી માતૃભાષાનું જતન અને સંવર્ધન કરી શકે.

સમગ્ર વિશ્વમાં ભાષાકીય ધોરણે જો કોઈ પહેલી યુનિવર્સિટી બની હોય તો તે હતી "ધ હિબ્રૂ યુનિવર્સિટી ઓફ જેરુસલેમ." હિબ્રૂ ભાષા યહુદીઓની માતૃભાષા છે. યહૂદીઓ આખા વિશ્વમાં પથરાયેલા છે. તેમણે ખૂબ દુઃખો વેઠ્યાં છે. યહૂદીઓમાં આત્મબળ ઘણું. ઓળખ અને અસ્તિત્વની ઝૂઝારું ભાવના પણ ખૂબ મજબૂત. પોતાની ભાષા અને ધર્મ માટે હૃદયના ઊંડાણથી આદર અને પ્રેમ. અનેક અત્યાચાર અને અન્યાય સહન કર્યા પછી તેઓ પોતાની માતૃભૂમિના જમીનના એક ટુકડા પર ભેગા થયા.

વર્તમાન ઝાંખો હતો અને ભવિષ્ય તો એકદમ અંધકારમય. શું કરવું એ મોટો પડકાર હતો. ત્યાં તેમને પોતાની માતૃભાષા હિબ્રૂ યાદ આવી. યહૂદીઓ માના ખોળામાં જઈને બેઠા અને માતૃભાષાએ તેમના માથા પર મમતા અને વાત્સલ્યથી હાથ ફેરવ્યો.

તેમણે ૧૯૧૮માં માતૃભાષા હિબ્રૂની એક અલાયદી યુનિવર્સિટી જ સ્થાપી દીધી. તેને નામ આપ્યું 'ધ હિબ્રૂ યુનિવર્સિટી ઓફ જેરુસલેમ'. ઈઝરાયલ રાષ્ટ્રની સ્થાપના છેક ૧૯૪૮માં થઈ. યહૂદી પ્રજાનો માતૃભાષા પ્રેમ તો જુઓ ! રાષ્ટ્ર કે વતન વગરની આ પ્રજાએ માતૃભાષાની યુનિવર્સિટી ૩૦ વર્ષ પહેલાં સ્થાપી દીધી હતી.

યહૂદી પ્રજાના રાષ્ટ્ર ઈઝરાયલનું નિર્માણ થયું અને આ પ્રજા નવા જોમ અને જુસ્સા સાથે, પુનઃ નવજીવન પામી તેમાં માતૃભાષાનું મોટું પ્રદાન. સમગ્ર વિશ્વમાં, ખૂણે ખૂણો ફેંદીને આ પ્રજાએ માતૃભાષાના ગ્રંથો એકત્રિત કર્યા. વેરવિખેર અને ઝાંખી થઈ ગયેલી માતૃભાષાની શક્તિને સંગઠિત અને સુગ્રથિત કરી.

છ પરિસરમાં પથરાયેલી ધ હિબ્રુ યુનિવર્સિટીમાં સાત વિભાગો છે, ૧૪ સ્કૂલો છે અને ૨૩,૦૦૦ વિદ્યાર્થીઓ છે. ૧૦૦૦ વરિષ્ઠ તજ્જ્ઞો અહીં ભણાવે છે. આ યુનિવર્સિટી ૭૦૦૦થી વધુ પેટેન્ટ્સની નોંધણી કરાવી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ યુનિવર્સિટીમાંથી વિશ્વને આઠ નોબેલ પારિતોષિત વિજેતા મળ્યા છે.

ગણિતમાં એક ફિલ્ડ મેડલ વિનર પણ મળ્યા છે.

આ યુનિવર્સિટીના સ્થાપકોમાં આલ્બર્ટ આઈનસ્ટાઈન, માર્ટિન બ્યુબર, ચાઈમ નહમાન બિયાલિક, ચાઈમ વિઝમેનનો સમાવેશ થાય છે. આ યુનિવર્સિટી વિશ્વની ૧૦૦ શ્રેષ્ઠ યુનિવર્સિટીમાં સ્થાન પામે છે તો આંતરરાષ્ટ્રીય ઈઝરાયેલી યુનિવર્સિટીઓમાં તે પ્રથમ ક્રમે છે. તે શ્રેષ્ઠતા અને ગુણવત્તા ઉપર ભાર મૂકે છે. શ્રેષ્ઠતા, સામાજિક વિજ્ઞાન, માનવતા, સ્પેશિયલ વિજ્ઞાન અને મેડિસીનમાં તે વિશેષ જાણીતી છે.

કદાચ, વિશ્વની આ પહેલી ભાષાકીય, વિશેષ કરીને માતૃભાષાને લગતી યુનિવર્સિટી છે.

યહૂદી પ્રજાની જેમ જ ગુજરાતીઓ પણ સમગ્ર વિશ્વમાં પથરાયેલા છે. જો ગુજરાતમાં માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે તો વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં વસતા ગુજરાતીઓનાં માતૃભાષા પ્રેમને સંગઠિત, સંગ્રથિત અને સક્રિય કરી શકાય.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારે ૨૦૦૫માં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરી હતી.

દાદી (સંસ્કૃત)ને સન્માન આપ્યું, હવે દીકરી (ગુજરાતી)નો વારો.

●●●

ભારતના જુદા જુદા પ્રદેશોની વાત કરીએ તો પંજાબ રાજ્યના પટિયાલા શહેરમાં આવેલી પંજાબી યુનિવર્સિટી ભારતની પહેલી અને વિશ્વની બીજા નંબરની ભાષાકીય યુનિવર્સિટી છે. હીબ્રૂ યુનિવર્સિટી પછી ૧૯૬૨માં પંજાબી વિશ્વવિદ્યાલયનો પ્રારંભ થયો હતો. હિન્દી ભાષાની પ્રથમ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી ૧૯૯૭માં શરૂ થઈ હતી. મહારાષ્ટ્રના વર્ધામાં મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિંદી વિશ્વવિદ્યાલયનો પ્રારંભ કરાયો હતો. કર્ણાટકનાં હમ્પીમાં ૧૯૯૧થી કન્નડ વિશ્વવિદ્યાલય ચાલે છે, જેનો મુખ્ય હેતુ કન્નડ ભાષાનો વિકાસ કરવાનો છે. તમિલનાડુના તંજાવુરમાં તમિલ વિશ્વવિદ્યાલય ૧૯૮૧થી ચાલે છે. નોંધપાત્ર બાબત એ છે કે ૧૯૨૫માં તમિલ ભાષાના વિકાસ માટે એક સ્વતંત્ર યુનિવર્સિટી શરૂ કરવાના પ્રયોજન સાથે તંજાવુરમાં અનેક વિદ્વાનોની બેઠક મળી હતી. એ વખતની બ્રિટિશ સરકારે સહયોગ ના આપતા એ યોજના ભાંગી પડી હતી. ૧૯૮૧માં શરૂ થયેલા તમિલ વિશ્વવિદ્યાલયને યુજીસીએ ૧૯૮૩માં માન્યતા આપી હતી.

હવે વાત કરીએ મલયાલમ ભાષાની. કેરળના તિરૂપુર, મલપ્પુરમ્માં ૨૦૧૨માં થુંચત ઈઝુથચન મલયાલમ વિશ્વવિદ્યાલયનો પ્રારંભ થયો હતો. ૧૬મી સદીના મલયાલમ સાહિત્યકાર થુનચત્થુ રામાનુજન એજુથચનના નામ પરથી યુનિવર્સિટીનું નામ અપાયું છે. આ યુનિવર્સિટીનું મુખ્ય પ્રયોજન માતૃભાષાનું જતન અને સંવર્ધન કરવું તથા મલયાલી શિક્ષણને પ્રોત્સાહન આપવાનું છે.

૧૯૮૫માં તેલુગુ ભાષાની સ્વતંત્ર યુનિવર્સિટી શરૂ થઈ હતી. હૈદરાબાદમાં મુખ્ય કાર્યાલય ધરાવતા પોટ્ટી શ્રીરામુલુ તેલુગુ વિશ્વવિદ્યાલયનું શ્રી સાઈલમ અને રાજમુંદરીમાં પણ કાર્યાલય છે. યુજીસીએ આ યુનિવર્સિટીને ૧૯૯૦માં માન્યતા આપી હતી. આ યુનિવર્સિટીનો હેતુ તેલુગુ ભાષાના સંવર્ધન ઉપરાંત સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય તથા અન્ય કળાઓનું જતન કરવાનું છે.

આપણા પાડોશી રાજ્ય મહારાષ્ટ્રની વાત કરીએ તો મહારાષ્ટ્ર સરકારે પહેલી મરાઠી યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરી દીધી છે. આ જાહેરાત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ૨૦૧૮ના મરાઠી ભાષા દિવસના પ્રસંગે કરી હતી. મહારાષ્ટ્ર સરકારે રાજ્યની પ્રથમ મરાઠી ભાષા યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે જાણીતા મરાઠી પ્રકાશક ગ્રંથાલિને મુંબઈના બાન્દ્રા વિસ્તારમાં જમીન પણ ફાળવી હતી.

બસ, હવે ગુજરાતનો વારો છે. ઝડપથી માતૃભાષા ગુજરાતી યુનિવર્સિટીની સ્થાપના થાય તે ઈચ્છનીય છે.

**છાંચડોઃ**

અંગ્રેજી માધ્યમ સામે ગુજરાતી ભાષા હાંફી અને હારી રહી છે. તેનાં અનેક કારણો છે તેમાંનાં અનેક કારણો પૈકી માતૃભાષા ગુજરાતી અંગેની લોકોમાં ઓછી જાગૃતિ પણ એક કારણ છે. પોતાની માતૃભાષાની શક્તિ, તેનું વિત્ત, તેનું પોત, તેની પ્રતિભા આ બધાથી ગુજરાતીઓ અજાણ છે. માતૃભાષાથી વિમુખ થવાથી કેટલું મોટું નુકશાન થવાનું છે તેનો પણ તેમને અંદાજ નથી. જો માતૃભાષા યુનિવર્સિટી સ્થાપીને ગુજરાતી ભાષાની શક્તિને જાળવી રાખવામાં આવે તો ગુજરાતી પ્રજાને, ભવિષ્યમાં થનારા મોટા નુકશાનથી બચાવી શકાય તેમ છે.